ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલને મંજૂરી

એમએસએમઈ, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકો માટે નિકાસનું એકીકૃત પ્લેટફોર્મ બનશે

જિલ્લાવાર નિકાસ યોજનાઓ તૈયાર થશે

ગાંધીનગરઃ ગુજરાતમાં ઉત્પાદિત ચીજવસ્તુઓ અને સેવાઓને વૈશ્વિક બજારમાં નવી ઓળખ અપાવવા તથા રાજ્યના નાના-મોટા ઉદ્યોગો માટે આંતરરાષ્ટ્રીય વેપારની તકોનો વ્યાપ વધારવા રાજ્ય સરકારે 'ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ' (GEPC)ની સ્થાપનાને મંજૂરી આપી છે. નિકાસકારોને બજારની ઓળખથી માંડીને આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો, માર્કેટિંગ, ટેક્નિકલ માર્ગદર્શન, ટ્રેડ ફાઈનાન્સ અને લોજિસ્ટિક્સ સુધીની સુવિધાઓ એક જ સંસ્થાકીય માળખા હેઠળ ઉપલબ્ધ કરાવવાની દિશામાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને MSME, સ્ટાર્ટઅપ્સ અને નાના ઉદ્યોગસાહસિકો વિદેશી બજારો સુધી પહોંચી શકે તે માટે 'ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ' માર્ગદર્શક અને સહાયક સંસ્થા તરીકે કાર્ય કરશે. આ સાથે રાજ્યના દરેક જિલ્લામાં નિકાસની સંભાવના ધરાવતા ઉત્પાદનોની ઓળખ કરીને અલગ જિલ્લા નિકાસ યોજનાઓ તૈયાર કરવામાં આવશે, જેથી સ્થાનિક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચાડવાનો માર્ગ મોકળો થઈ શકે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ સ્થપાનારી 'ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ' (GEPC) રાજ્ય સરકારની સંપૂર્ણ માલિકીની બિનનફાકારક કંપની તરીકે કાર્યરત થશે. 3 નવેમ્બર, 2026ના ઠરાવ અનુસાર કંપની અધિનિયમ, 2013ની કલમ-8 હેઠળ વિશેષ હેતુવાળી સંસ્થા (SPV) તરીકે તેની રચના કરવામાં આવશે અને તેનું રજિસ્ટર્ડ કાર્યાલય ગાંધીનગરમાં રહેશે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વૈશ્વિક વેપાર સાથે વધુ મજબૂત રીતે જોડવો આ પહેલનો મુખ્ય ઉદ્દેશ છે.

જિલ્લાવાર નિકાસની સંભાવનાઓ ઓળખાશે

'ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ' દ્વારા રાજ્યની એક્સપોર્ટ પ્રમોશન સ્ટ્રેટેજી તૈયાર કરવાની સાથે દરેક જિલ્લા માટે અલગ ડિસ્ટ્રિક્ટ એક્સપોર્ટ પ્રમોશન પ્લાન બનાવવામાં આવશે. જિલ્લાની ઉત્પાદન ક્ષમતા, ઔદ્યોગિક વિશેષતા, સ્થાનિક ઉત્પાદનો અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની માંગનું વિશ્લેષણ કરીને નિકાસની નવી તકો ઓળખવામાં આવશે. જિલ્લા એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના માધ્યમથી સ્થાનિક સ્તરે નિકાસલક્ષી પ્રવૃત્તિઓનું સંકલન અને મોનિટરિંગ પણ કરવામાં આવશે.

નિકાસકારોને એક જ સ્થળેથી તમામ માર્ગદર્શન

નાના અને મધ્યમ ઉદ્યોગો માટે વિદેશી બજારોના નિયમો, ગુણવત્તાના માપદંડો, જરૂરી પ્રમાણપત્રો અને નિકાસની પ્રક્રિયા ઘણી વખત પડકારરૂપ બને છે. 'ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ' આવા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારની ઓળખ, બિઝનેસ કન્સલ્ટન્સી, મેન્ટરિંગ, તાલીમ અને હેન્ડહોલ્ડિંગની સુવિધા પૂરી પાડશે. વેપાર મેળા, આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ કાર્યક્રમો અને વિદેશી વેપારી સંગઠનો સાથે જોડાણ માટે પણ સહયોગ આપવામાં આવશે.

AI અને બ્લોકચેઇનથી નિકાસ પ્રક્રિયાનું આધુનિકીકરણ

વૈશ્વિક વેપારમાં બદલાતી ટેક્નોલોજી અને સ્પર્ધાને ધ્યાનમાં રાખીને 'ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ' દ્વારા ડિજિટલ ટ્રેડ પ્લેટફોર્મ, એક્સપોર્ટર પોર્ટલ, ટેસ્ટિંગ-સર્ટિફિકેશન સેન્ટર, કોમન ફેસિલિટી સેન્ટર અને ઇન્ક્યુબેશન સેન્ટર જેવી સુવિધાઓ વિકસાવવાનો ઉદ્દેશ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), બ્લોકચેઇન, ઇન્ડસ્ટ્રી 4.0 અને ગ્રીન ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવશે. નિકાસકારોને ટ્રેડ ફાઇનાન્સ, વીમા, લોજિસ્ટિક્સ, સપ્લાય ચેઇન અને આંતરરાષ્ટ્રીય વેપારના કાનૂની નિયમો અંગે પણ માર્ગદર્શન મળશે.

'મેડ ઇન ગુજરાત'ને વૈશ્વિક ઓળખ આપવાની યોજના

ગુજરાતનાં સ્થાનિક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રાન્ડ તરીકે સ્થાપિત કરવા વિશેષ માર્કેટિંગ અને બ્રાન્ડિંગ અભિયાનો હાથ ધરવામાં આવશે. વિદેશી બજારોમાં ગુજરાતનાં ઉત્પાદનો અંગે જાગૃતિ વધારવા ઉપરાંત આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટે પણ 'ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ' પ્રયાસ કરશે. આયાત આધારિત મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોની ઓળખ કરીને સ્થાનિક ઉત્પાદકોને ટેક્નિકલ અને નાણાકીય સહયોગ આપવાની યોજના છે. 'ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ'ની પ્રારંભિક અધિકૃત અને પેઇડ-અપ મૂડી રૂ. એક લાખ નક્કી કરવામાં આવી છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ 15 સભ્યો રહેશે. મુખ્ય સચિવ બોર્ડના અધ્યક્ષ, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ ઉપાધ્યક્ષ અને ઉદ્યોગ કમિશનર મેનેજિંગ ડિરેક્ટર તરીકે કામગીરી સંભાળશે.

ISI માર્ક વિનાના જિપ્સમ બોર્ડ બનાવતી અટોદરાની કંપનીમાં દરોડા

BIS લાઇસન્સ વિના જ ક્લાસિક સીલિંગ કંપની દ્વારા લેમિનેટેડ જિપ્સમ બોર્ડ બનાવવામાં આવતા હતા



સુરતઃ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત બાંધકામ સામગ્રી મળી રહે તે માટે ભારતીય માનક બ્યુરો (BIS)ની સુરત શાખા દ્વારા ઓલપાડ તાલુકાના અટોદરા ગામે આવેલી એક કંપનીમાં તપાસ અને જપ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કંપનીમાં ફરજિયાત ISI માર્ક વિના લેમિનેટેડ જિપ્સમ બોર્ડનું ઉત્પાદન થતું હોવાનું સામે આવતાં 302 બોર્ડ જપ્ત કરવામાં આવ્યાં હતાં.

BIS સુરત શાખા કચેરીની ટીમે 5 નવેમ્બર, 2026ના રોજ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ M/s ક્લાસિક સીલિંગ, ધારા ઇન્ડસ્ટ્રિયલ, પ્લોટ નં. 58, 59 અને 60, અટોદરા, ઓલપાડ ખાતે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન એકમમાં ક્લાસિક સીલિંગ કંપનીમાંથી આર્મોગિપ બ્રાન્ડનાં 302 લેમિનેટેડ જિપ્સમ બોર્ડનું ઉત્પાદન થતું હોવાનું જણાયું હતું. BISની ટીમે સ્થળ પરથી આવા કુલ 302 જિપ્સમ બોર્ડ કબજે કર્યા હતા. તમામ બિનઅનુરૂપ ઉત્પાદનોને નિર્ધારિત કાનૂની પ્રક્રિયા અનુસાર સીલ કરવામાં આવ્યાં હતાં. BIS સુરતના નિયામક વિક્રાંત કુમારના જણાવ્યા અનુસાર, આ પ્રવૃત્તિ ભારતીય માનક બ્યુરો અધિનિયમ, 2016ની કલમ 17 તથા જિપ્સમ આધારિત બાંધકામ સામગ્રી માટેના ગુણવત્તા નિયંત્રણ આદેશ, 2024નું ઉલ્લંઘન છે. IS 2095 (Part 2):2022 મુજબ લેમિનેટેડ જિપ્સમ બોર્ડ માટે BIS પ્રમાણપત્ર અને ISI માર્ક ફરજિયાત છે. કાયદાની કલમ 29 હેઠળ પ્રથમ ઉલ્લંઘન બદલ ઓછામાં ઓછા બે લાખ રૂપિયાનો દંડ અથવા બે વર્ષ સુધીની કેદ થઈ શકે છે. પુનરાવર્તિત ઉલ્લંઘન બદલ ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયાના દંડની જોગવાઈ છે. દંડ ઉત્પાદનના મૂલ્યના દસ ગણા સુધી પણ થઈ શકે છે. આ મામલે કંપની સામે ફરિયાદ અને અભિયોજન સહિતની આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બોર્ડ પરીક્ષાની ફીમાં વધારો, સુરતના વિદ્યાર્થીઓ પર પણ વધારાનો બોજ

ધો.10ની ફીમાં રૂ.20, ધો.12 સાયન્સમાં રૂ.35 અને સામાન્ય પ્રવાહમાં રૂ.30નો વધારો

નિયમિત વિદ્યાર્થીઓએ અનુક્રમે રૂ.445, રૂ.760, રૂ.620 ભરવા પડશે

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૭માં યોજાનારી ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાની ફીમાં સરેરાશ પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયની અસર સુરત સહિત રાજ્યભરના વિદ્યાર્થીઓ પર પડશે. ધો.૧૦ના નિયમિત વિદ્યાર્થીઓએ હવે રૂ.૪૪૫, ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ રૂ.૭૬૦ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ રૂ.૬૨૦ પરીક્ષા ફી ચૂકવવી પડશે. ધો.૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષાની ફીમાં પણ વધારો કરાયો છે.

બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નવા ફી માળખા મુજબ ધો.૧૦માં નિયમિત વિદ્યાર્થીઓની ફી રૂ.૪૨૫થી વધારી રૂ.૪૪૫, રિપીટર અને ઓપન સ્કૂલના નિયમિત વિદ્યાર્થીઓની ફી રૂ.૪૧૫થી વધારી રૂ.૪૩૫ કરવામાં આવી છે. જ્યારે પૃથક ઉમેદવારોની ફી રૂ.૨૮૫થી વધારી રૂ.૩૦૦ કરાઈ છે. ધો.૧૨ સાયન્સમાં નિયમિત વિદ્યાર્થીઓની ફી રૂ.૭૨૫થી વધારી રૂ.૭૬૦ કરવામાં આવી છે. રિપીટર વિદ્યાર્થીઓ માટે એક વિષયની ફી રૂ.૨૩૦, બે વિષયની રૂ.૩૮૦ અને ત્રણ વિષયની રૂ.૫૩૦ નક્કી કરાઈ છે. ત્રણથી વધુ વિષય ધરાવતા રિપીટર માટે રૂ.૭૬૦ ફી રહેશે. સાયન્સમાં પ્રથમવાર પૃથક ઉમેદવારોને પણ પરીક્ષા આપવાની તક મળશે, જેના માટે રૂ.૫૩૦ ફી નક્કી કરાઈ છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં નિયમિત અને રિપીટર વિદ્યાર્થીઓની ફી રૂ.૫૯૦થી વધારી રૂ.૬૨૦ કરાઈ છે. ઓપન સ્કૂલના નિયમિત વિદ્યાર્થીઓ માટે પણ રૂ.૬૨૦ અને પૃથક ઉમેદવારો માટે રૂ.૩૬૦ ફી રહેશે. પ્રાયોગિક પરીક્ષામાં સાયન્સના ત્રણ વિષયની કુલ ફી રૂ.૩૯૦થી વધારી રૂ.૪૦૫ કરાઈ છે. સામાન્ય પ્રવાહમાં પ્રાયોગિક ફી રૂ.૧૦ યથાવત્ રાખવામાં આવી છે. પરીક્ષા સંબંધિત સ્ટેશનરી સહિતના ખર્ચમાં વધારાને પગલે ફી વધારાયો હોવાનું જાણવા મળે છે. ઉલ્લેખનીય છે કે ધો.૧૦, સંસ્કૃત પ્રથમા તેમજ ધો.૧૨ના વિજ્ઞાન, સામાન્ય, વ્યવસાયલક્ષી અને અન્ય પ્રવાહનાં આવેદનપત્રો ૩ ડિસેમ્બર સુધી ઓનલાઇન ભરી શકાશે. બોર્ડની પરીક્ષાઓ ૨૫ ફેબ્રુઆરીથી ૧૭ માર્ચ, ૨૦૨૭ દરમિયાન યોજાવાની છે.

દિવાળી વેકેશન સાથે જ ટ્રેનોમાં ધસારો, 7 નવેમ્બરે ભારે ભીડ ઉમટશે

બિહાર માટે ઉધનાથી વધુ 2 અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો દોડશે

ઝંઝારપુર અને મધુબની માટે 18 ફેરા જાહેર

સામાન્ય ટિકિટ પર કરી શકાશે મુસાફરી

સુરતઃ સુરતમાં 5 નવેમ્બરથી દિવાળી વેકેશન શરૂ થતાં જ ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોમાં મુસાફરોની ભીડ વધવા લાગી છે. રેગ્યુલર ટ્રેનોમાં વેઈટિંગ વધી રહ્યું છે અને 7 નવેમ્બરે ભારે ભીડ ઉમટવાની શક્યતા છે. તેને ધ્યાનમાં રાખીને બિહાર માટે ઉધનાથી વધુ બે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો જાહેર કરવામાં આવી છે. આ ટ્રેનોના કુલ 18 ફેરા થશે. તેમાં રિઝર્વેશનની જરૂર નહીં રહે. સામાન્ય સેકન્ડ ક્લાસ ટિકિટ લઈને મુસાફરી કરી શકાશે.

ઝંઝારપુર માટે 12 ફેરા

ટ્રેન નંબર 09075 ઉધના-ઝંઝારપુર સ્પેશિયલ 5, 6, 9, 10, 11 અને 12 નવેમ્બરે સવારે 11:30 વાગ્યે ઉધનાથી ઉપડીને બીજા દિવસે રાત્રે 11:30 વાગ્યે ઝંઝારપુર પહોંચશે. રિટર્નમાં ટ્રેન નંબર 09076 ઝંઝારપુર-ઉધના સ્પેશિયલ 7, 8, 11, 12, 13 અને 14 નવેમ્બરે સવારે 6:30 વાગ્યે ઉપડીને બીજા દિવસે સાંજે 6:45 વાગ્યે ઉધના પહોંચશે.

મધુબની માટે 6 ફેરા

ટ્રેન નંબર 09035 ઉધના-મધુબની સ્પેશિયલ 5, 9 અને 12 નવેમ્બરે સવારે 8:35 વાગ્યે ઉપડીને બીજા દિવસે રાત્રે 9:00 વાગ્યે મધુબની પહોંચશે. રિટર્નમાં ટ્રેન નંબર 09036 મધુબની-ઉધના સ્પેશિયલ 7, 11 અને 14 નવેમ્બરે સવારે 6:45 વાગ્યે ઉપડીને બીજા દિવસે સાંજે 6:45 વાગ્યે ઉધના પહોંચશે.

ચલથાણ-બારડોલી સહિત મુખ્ય સ્ટેશને સ્ટોપેજ

બંને ટ્રેનો ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પં. દીનદયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર અને હાજીપુર થઈને બિહાર પહોંચશે. મધુબની ટ્રેન મુઝફ્ફરપુર, સમસ્તીપુર અને દરભંગામાં પણ ઉભી રહેશે, જ્યારે ઝંઝારપુર ટ્રેન સકરી થઈને જશે. બંને ટ્રેનો સંપૂર્ણ અનરિઝર્વ્ડ રહેશે અને તેમાં જનરલ કોચ રહેશે.

સિસ્ટમ નહીં સુધારો તો 2027થી બિલ જનરેટ નહીં થાય

ઈ-વે બિલનો નંબર 12 અંકની જગ્યાએ હવે 14 અંકનો થશે

વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો અને IT કંપનીઓ માટે એલર્ટ

સુરતઃ GSTNએ ઈ-વે બિલને લઈને મોટો નિર્ણય લઈ લીધો છે. દેશમાં રોજ કરોડો ઈ-વે બિલ જનરેટ થઈ રહ્યા છે.

હાલની નંબરિંગ સિસ્ટમ હવે ફુલ થવા આવી છે. એટલે જ GSTN એ 1 જાન્યુઆરી 2027થી ઈ-વે બિલ નંબરના ફોર્મેટમાં ફેરફાર કરવાનું નક્કી કર્યું છે.

ઈ-વે બિલ નંબર હાલ 12 અંકનો છે, હવે થશે 14 અંકનો જ્યારે કોન્સોલિડેટેડ ઈ-વે બિલ નંબરઃ હાલ 10 અંકનો છે, હવે થશે 11 અંકનો. GSTN એ સ્પષ્ટ સૂચના આપી છે કે તમામ કરદાતા, GSP, ERP અને એકાઉન્ટિંગ સોફ્ટવેર બનાવતી કંપનીઓએ પોતાના સોફ્ટવેર, ડેટાબેઝ અને વેલિડેશન નિયમો અત્યારથી જ અપડેટ કરી લેવા. જો સિસ્ટમ અપડેટ નહીં થાય તો 1 જાન્યુઆરી 2027 પછી જૂનો 12 અંકનો નંબર સિસ્ટમ સ્વીકારશે નહીં અને બિલ અટકી શકે છે.

નવો ફોર્મેટ ટૂંક સમયમાં સેન્ડબોક્સમાં મૂકાશે

કંપનીઓને તકલીફ ન પડે તે માટે નવો ફોર્મેટ ટૂંક સમયમાં સેન્ડબોક્સમાં મૂકવામાં આવશે. જેથી 1 જાન્યુઆરી પહેલા જ બધા પોતાની સિસ્ટમ ટેસ્ટ કરીને તૈયાર કરી શકે. ટૂંકમાં કહીએ તો, સમય છે ત્યાં સુધી તમારા CA અને સોફ્ટવેર વેન્ડર સાથે વાત કરીને સિસ્ટમ અપડેટ કરાવી લો, નહીંતર નવા વર્ષે માલનું ટ્રાન્સપોર્ટ અટકી શકે છે.

અનુસ્નાતક આયુર્વેદ અને હોમિયોપેથીની બેઠકમાં પ્રવેશ માટે ચોઈસ ફિલિંગ શરૂ

MD-MS આયુર્વેદની 302 અને MD હોમિયોપેથીની 321 બેઠક માટે પ્રવેશ પ્રક્રિયા

સરકારી અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ઉપરાંત સ્વનિર્ભર સંસ્થાઓની 15 ટકા ઓલ ઇન્ડિયા ક્વોટાની બેઠકો માટે પણ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે

અમદાવાદઃ રાજ્યની અનુસ્નાતક આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજોમાં એમએસ. એમડી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઓનલાઈન ચોઈસ ફિલિંગની પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી છે. સરકારી અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ઉપરાંત સ્વનિર્ભર સંસ્થાઓની 15 ટકા ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે પણ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ઉમેદવારો 9 નવેમ્બર, 2026ના રોજ સવારે 10 વાગ્યા સુધી ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરી શકશે. જ્યારે બપોરે 12 વાગ્યા સુધી ઉમેદવારો પોતે ભરેલી પસંદગીઓ જોઈ શકશે. પ્રવેશ માટે આયુર્વેદ અને હોમિયોપેથીની કુલ 623 બેઠકો ઉપલબ્ધ છે. જેમાં MD-MS આયુર્વેદની સ્ટેટ ક્વોટાની 264 અને સ્વનિર્ભર સંસ્થાઓની 15 ટકા ઓલ ઈન્ડિયા ક્વોટાની 38 બેઠકો મળી કુલ 302 બેઠકોનો સમાવેશ થાય છે. તેવી જ રીતે MD હોમિયોપેથીમાં સ્ટેટ ક્વોટાની 273 અને સ્વનિર્ભર સંસ્થાઓની 15 ટકા ઓલ ઈન્ડિયા ક્વોટાની 48 બેઠકો મળી કુલ 321 બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે.

નવી કોર્ટના પાર્કિંગમાં જ મહિલા વકીલને અસીલની ધમકી

'ફી પાછી આપ, નહીં તો તારા જેવા વકીલોને સીધા કરી દઈશ'

ચેક બાઉન્સના કેસમાંથી વકીલ તરીકે છૂટા થવાની અરજી કરતાં અસીલનો રોષ

સુરતઃ ચેક બાઉન્સના કેસમાં અસીલની અવારનવાર ગેરહાજરીને પગલે મહિલા વકીલે કેસમાંથી છૂટા થવા કોર્ટમાં અરજી કરી હતી. આ બાબતથી રોષે ભરાયેલા અસીલે કોર્ટના ટૂ-વ્હીલર પાર્કિંગમાં મહિલા વકીલને ઘેરી લઈ 'ફી પરત આપી દે, નહીંતર જોઈ લઈશ' કહી ધમકી આપી હતી.

મળતી માહિતી મુજબ, પાલ વિસ્તારમાં શ્રીવલ્લભ સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં રહેતાં અને છેલ્લા ૨૦ વર્ષથી સુરત કોર્ટમાં વકીલાત કરતાં જેનીસબેન ભાવિનભાઈ ભાવસાર (ઉ.વ.૪૫)ને પાલ ગામના સૂર્ય એપાર્ટમેન્ટમાં રહેતા રીતેશભાઈ મહેન્દ્રભાઈ સોનીએ ચેક બાઉન્સના કેસમાં તા. ૧૫ જુલાઈ, ૨૦૨૨ના રોજ જેનીસબેનને પોતાના વકીલ તરીકે રોક્યા હતા.

જોકે, અસીલ રીતેશભાઈ સોની કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન અવારનવાર હાજર રહેતા ન હોવાથી જેનીસબેને તા. ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ કેસમાંથી વકીલ તરીકે છૂટા થવા માટે કોર્ટમાં અરજી કરી હતી. આ અંગે અસીલને પણ જાણ કરવામાં આવી હતી. ગત તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરના સમયે જેનીસબેન કોર્ટનું કામ પૂર્ણ કરી ટૂ-વ્હીલર પાર્કિંગમાં પોતાની મોપેડ પાસે પહોંચ્યાં હતાં. તે દરમિયાન રીતેશભાઈ સોની ત્યાં આવી પહોંચ્યા હતા અને 'તમે મારો કેસ ચલાવતા નથી, મારી ફી પરત આપી દો, નહીં તો તમારા જેવા વકીલોને સીધા કરી દઈશ' કહી બૂમાબૂમ શરૂ કરી હતી. એટલું જ નહીં, અસીલે મહિલા વકીલને જાહેરમાં મા-બહેન સમી ગાળો આપી ઓફિસે આવી જાહેરમાં અપમાન કરવાની ધમકી પણ આપી હતી. આ સમયે ત્યાં હાજર અન્ય વકીલો સાગર વેલદી, વિશાલ આરીવાલા અને મનોજભાઈ વચ્ચે પડતાં આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. બનાવ અંગે જેનીસબેને અગાઉ ઉમરા પોલીસ મથકમાં અરજી આપી હતી. અરજીની તપાસના અંતે પોલીસે રીતેશભાઈ મહેન્દ્રભાઈ સોની વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એ.બી. કાળેને સોંપી છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરતના પટેલ...

વહેલી સવારે સાત મુસાફરો ભરેલી ઇનોવા કાર કાબૂ ગુમાવી ઊંડી ખીણમાં ખાબકીને ભાગીરથી નદીમાં પડી હતી. આ ગોઝારા અકસ્માતમાં સુરતના વકીલ અશોકભાઈ પટેલ અને તેમની પુત્રી રીતિકા સહિત ચાર લોકોનાં મોત થયાં છે. જ્યારે અશોકભાઈના 17 વર્ષીય પુત્ર વેદાંતને ગંભીર ઇજાઓ પહોંચી છે. બીજી તરફ અશોકભાઈનાં પત્ની સુધાબેન અને અન્ય એક મહિલા હજુ લાપતા હોવાથી તેમની શોધખોળ માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

મળેલી માહિતી મુજબ, મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ધંધુકા તાલુકાના પરછમ ગામના વતની 50 વર્ષીય અશોકભાઈ કરશનભાઈ પટેલ હાલ કતારગામમાં લલિતા ચોકડી પાસે આવેલી શિવાલિક રેસિડેન્સીમાં પરિવાર સાથે રહેતા હતા અને વકીલાતની પ્રેક્ટિસ કરતા હતા. તેમના પરિવારમાં 45 વર્ષીય પત્ની સુધાબેન, 22 વર્ષીય પુત્રી રીતિકા અને 17 વર્ષીય પુત્ર વેદાંત છે. રીતિકાએ BCAનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને સરકારી નોકરીની તૈયારી કરી રહી હતી, જ્યારે વેદાંત હીરાબાદ સર્કલ પાસે આવેલી પીપી સવાણી સ્કૂલમાં ધોરણ-12 સાયન્સના બાયોલોજી વિભાગમાં અભ્યાસ કરે છે.

નવરાત્રિ દરમિયાન વેદાંતની પરીક્ષા પૂર્ણ થયા બાદ દિવાળીના વેકેશનમાં પરિવારજનોએ ચારધામની યાત્રાએ જવાનું નક્કી કર્યું હતું. આથી પટેલ પરિવાર 31 ઓક્ટોબરે સુરતથી યાત્રા માટે નીકળ્યો હતો. તેમની સાથે અન્ય સંબંધીઓ પણ જોડાયા હતા. યાત્રા દરમિયાન યમુનોત્રીનાં દર્શન કર્યા બાદ પરિવાર ગંગોત્રી તરફ આગળ વધ્યો હતો. ત્યારબાદ કેદારનાથ જવા માટે નીકળ્યા હતા ત્યારે ગંગનાની નજીક તેમની ઇનોવા કાર અકસ્માતનો ભોગ બની હતી અને ઊંડી ખીણમાં ખાબકીને નદીમાં પડી હતી.

અકસ્માતની રાત્રે...

કરી હતી. આ ઉપરાંત પરિવારના ચારેય સભ્યોના અલગ-અલગ ફોટા તેમજ પોતાનો સિંગલ ફોટો પણ શેર કર્યો હતો. વેદાંતની આ પોસ્ટ જોઈને શિવાલિક રેસિડેન્સીમાં રહેતા પાડોશીઓએ તેને મેસેજ કરીને પ્રતિભાવ આપ્યો હતો. જોકે, ત્યારબાદ પાડોશીઓના મેસેજનો કોઈ રિપ્લાય આવ્યો નહોતો. બીજી તરફ, અકસ્માતની ઘટના અંગે જાણ થતાં જ પરિવારજનો અને પરિચિતોએ અશોકભાઈનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમનો મોબાઇલ ફોન સ્વિચ ઓફ આવતો હતો. જ્યારે સુધાબેનના મોબાઇલ પર ફોન લાગી રહ્યો હતો, પરંતુ વારંવાર પ્રયાસ કરવા છતાં સામેથી કોઈ ફોન ઉપાડતું નહોતું. સોશિયલ મીડિયા પર પરિવાર સાથે ખુશીથી તસવીરો શેર કરનાર વેદાંતના મેસેજનો જવાબ ન મળવો અને ત્યારબાદ પરિવારનો સંપર્ક ન થઈ શકવો, પાડોશીઓ માટે ચિંતાનો વિષય બન્યો હતો. અંતે અકસ્માતના સમાચાર મળતાં જ તેમની આશંકા સાચી પડી હતી.

સવારે પાંચ વાગ્યે...

કલ્પના નહોતી. થોડા કલાકો બાદ જ પરિવારના સભ્યો અકસ્માતનો ભોગ બન્યાના સમાચાર મળતાં શિવાલિક રેસિડેન્સીમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. જોકે હાલમાં વેદાંત સારવાર હેઠળ હોસ્પિટલમાં છે.

સીસીટીવીમાં કેદ...

યાત્રાએ નીકળ્યાની આગલી રાત્રે વેદાંત તેની માતા સાથે શોપિંગ કરીને ઘરે પરત ફરતો જોવા મળ્યો હતો. માતા-પુત્રના ચહેરા પર અનેરો ઉત્સાહ અને ખુશી છલકાતી હતી. જાણે પરિવારની લાંબા સમયથી રાહ જોવાતી ધાર્મિક યાત્રાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હોય તેમ બંનેના ચહેરા પર આનંદ જોવા મળતો હતો. બીજા દિવસે સવારે અંદાજે પાંચ વાગ્યાના સુમારે પરિવાર બેગ લઈને લિફ્ટમાંથી બહાર નીકળતો પણ સીસીટીવીમાં કેદ થયો હતો. સવારે છ વાગ્યાની આસપાસ સુરત રેલવે સ્ટેશન પરથી તેમની ટ્રેન હોવાથી પરિવાર વહેલી સવારે ઘરેથી નીકળ્યો હતો. આ સમયે પરિવારના તમામ સભ્યોના ચહેરા પર યાત્રાનો ઉત્સાહ અને ખુશી સ્પષ્ટ દેખાતી હતી. જોકે, ત્યારે કોઈને અંદાજ પણ નહોતો કે ખુશી સાથે યાત્રાએ નીકળેલો આ પરિવાર ઉત્તરાખંડમાં ગોઝારા અકસ્માતનો ભોગ બનશે અને આ ખુશીની પળો તેમની છેલ્લી યાદ બની રહેશે.

સુરતીઓ 180...

જ્વેલર્સના જણાવ્યા મુજબ ધનતેરસના દિવસે પુષ્ય નક્ષત્ર કરતાં પણ વધુ સારો વેપાર થવાની અપેક્ષા છે. મોટા જ્વેલર્સે ઉપલબ્ધ સ્ટોક સામે અગાઉથી બુકિંગ પણ નોંધાવ્યું છે.

આ વર્ષે મધ્યમવર્ગીય પરિવારોમાં બજેટને અનુરૂપ લાઈટવેઈટ જ્વેલરીની માંગ વધુ રહેવાની શક્યતા છે. લગ્નસરાને ધ્યાનમાં રાખીને ખાસ કરીને 18 કેરેટ ગોલ્ડ જ્વેલરીના નવા ઓર્ડર નોંધાશે. 9 અને 14 કેરેટની જ્વેલરીની પણ માંગ જોવા મળી રહી છે. લેબગ્રોન ડાયમંડ જડિત સિલ્વર જ્વેલરી તેમજ 18 અને 22 કેરેટ ગોલ્ડ જ્વેલરીને ગ્રાહકો તરફથી ઠીકઠાક પ્રતિસાદ મળ્યો છે. ધનતેરસે પૂજા માટે 2 અને 5 ગ્રામના સોનાના સિક્કા ખરીદવાનો ટ્રેન્ડ પણ યથાવત્ છે. રોકાણના હેતુથી સોનાના સિક્કા ઉપરાંત લગડીની ખરીદીમાં પણ વધારો થવાની આશા છે.

સોનાનાં ઘરેણાંનું બજેટ ન ધરાવતા ગ્રાહકો ચાંદીના ઘરેણાં અને ભગવાનનાં આભૂષણો તરફ વળી રહ્યા છે. IBJAના ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરના જણાવ્યા અનુસાર, ધનતેરસના દિવસે જ્વેલરી શોરૂમમાં રવિ પુષ્ય નક્ષત્રની જેમ ગ્રાહકોની ભીડ જોવા મળી શકે છે. લગ્નસરાના શુભ મુહૂર્ત ધરાવતા પરિવારો નવા ઓર્ડર નોંધાવશે, જ્યારે કેટલાક પરિવારો તૈયાર ઘરેણાંની ડિલિવરી પણ લેશે. આમ, તહેવારની પરંપરાગત ખરીદી, સોનામાં રોકાણ અને લગ્નસરાની તૈયારીઓના ત્રિવેણી સંગમથી ધનતેરસે સુરતના જ્વેલરી બજારમાં ગત વર્ષની સરખામણીએ વધુ સારો વેપાર રહેવાની આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.

હોસ્પિટલ બંધ હતી અને સીલિંગ ફેનમાં શોર્ટ સર્કિટથી આગ લાગી



ભેસ્તાનના સુંદરનગરની જૈન પંચકર્મ હોસ્પિટલમાં વહેલી સવારે આગ લાગતાં ફાયર બ્રિગેડે ગણતરીની મિનિટ્સમાં આગ પર કાબૂ મેળવ્યો, કોઈ જાનહાનિ નહીં

સુરતઃ ભેસ્તાનના સુંદરનગર ખાતે આવેલી જૈન પંચકર્મની આયુર્વેદિક હોસ્પિટલમાં ગુરુવારે વહેલી સવારે આગ લાગતાં દોડધામ મચી ગઈ હતી. સીલિંગ ફેનમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી હતી. જોકે, હોસ્પિટલ બંધ હોવાથી કોઈ દર્દી કે કર્મચારી હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભેસ્તાનના સુંદરનગર સ્થિત ઈ-બ્લોકના ગ્રાઉન્ડ ફ્લોર પર ડો.એસ.આર.જૈનની જૈન પંચકર્મ નામની હોસ્પિટલ આવેલી છે. વહેલી સવારે હોસ્પિટલ બંધ હતી. દરમિયાન સિલિંગ ફેનમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગવાની શરૂઆત થઈ હતી. બંધ શટરમાંથી ધુમાડો નીકળતો જોઈ સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર કંટ્રોલને જાણ કરી હતી.

જેથી ભેસ્તાન ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર સબ ઓફિસર વિજય સોલંકીએ જણાવ્યું હતું કે, સિલિંગ ફેનમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી હતી. આગને કારણે હોસ્પિટલના પરદા, ચાદરો તેમજ અન્ય સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટ્સમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. વહેલી સવારે હોસ્પિટલ બંધ હોવાથી કોઈ દર્દી કે કર્મચારી હાજર નહોતું. પરિણામે કોઈ જાનહાનિ થઈ નહોતી તેમ ફાયર સૂત્રોએ જણાવ્યું હતું.

ખેડૂતને રૂ.૫ લાખમાં ઠગનાર સોલાર કંપનીના બે ઝડપાયા

સોલાર કંપનીમાં ભાગીદાર બનાવવાની લાલચ આપી હતી, ગોડાદરા પોલીસે મુંબઈથી આયુષ ઉપાધ્યાય, વિવેક મિશ્રાની ધરપકડ કરી

સુરતઃ સોલાર કંપનીના ચેનલ પાર્ટનર બનાવવાની લાલચ આપી ગીર સોમનાથના ખેડૂત પાસેથી રૂ. ૫ લાખ પડાવી લઈ છેતરપિંડી કરવાના કેસમાં ગોડાદરા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, ગીર સોમનાથના ગીરગઢડા તાલુકાના જસરાજનગર ખાતે રહેતા ખેડૂત પ્રતાપભાઈ ભાણાભાઈ મોરીને ડિસેમ્બર-૨૦૨૫માં સોશિયલ મીડિયા પર સનરૂટ એનર્જી સોલ્યુશન પ્રા.લી. કંપનીની જાહેરાત જોઈ સંપર્ક કરતાં કંપનીના ડિસ્ટ્રિબ્યુટર અને ચેનલ પાર્ટનર બનાવવાની લાલચ આપવામાં આવી હતી. આ માટે સોલાર રૂફટોપ, સોલાર કેમેરા, સ્ટ્રીટ લાઈટ અને બ્રાન્ડિંગ મટીરિયલ આપવાની ખાતરી આપી ખેડૂત પાસેથી રૂ. ૫ લાખ પડાવવામાં આવ્યા હતા. જોકે, નાણાં મેળવ્યા બાદ આરોપીઓએ માલ મોકલ્યો ન હતો.

આ મામલે ગોડાદરા પોલીસે આયુષ અનિલકુમાર ઉપાધ્યાય (ઉ.વ.૧૯)ની ધરપકડ કરી છે. તે હાલ ૦૨, રહેમતુલ્લા તબેલા, પારસીવાડી, ઘાટકોપર, મુંબઈ વેસ્ટ) ખાતે રહે છે અને મૂળ ઉત્તરપ્રદેશના અયોધ્યા કેન્ટ તાલુકાના દેવકાલી ગામનો વતની છે. જ્યારે બીજા આરોપી વિવેક અશોક મિશ્રા (ઉ.વ.૨૭)ની પણ ધરપકડ કરવામાં આવી છે. તે હાલ શ્રીરામનગર ચાલ, કબ્રસ્તાન વિસ્તાર, નાલાસોપારા, પાલઘર, મુંબઈ વેસ્ટ (મહારાષ્ટ્ર) ખાતે રહે છે અને મૂળ ઉત્તરપ્રદેશના ભદોહી જિલ્લાના અરાઈ થાણા વિસ્તારના જમવા પોસ્ટના સિકદરા ગામનો વતની છે. આ કેસમાં કંપનીની મેનેજિંગ ડિરેક્ટર વિનિતા મુર્ગેશ પડયાસી અને ડિરેક્ટર હર્ષિતા રજ્જનસિંગ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે.

અનુસંધાન ... પાના પહેલાનું

POKમાં પ્રદર્શનકારીઓ...

રહેલા લોકો પર ભારે મશીનગન અને ડ્રોન વડે હુમલો કર્યો હતો. પાકિસ્તાની સત્તાવાળાઓ દ્વારા હજી સુધી આ ઘટના અંગે કોઈ અધિકૃત નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. યુકેપીએનપીના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સુરક્ષા દળોએ રાવલકોટમાં મટિયાલમેરા બસ ટર્મિનલ, ઉમર ફારૂક ચોક અને અન્ય સ્થળોએ ચાલી રહેલાં ધરણાં પ્રદર્શનો સામે કાર્યવાહી કરી હતી.

પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે, સુરક્ષા દળોએ માત્ર પ્રદર્શનકારીઓ પર ગોળીબાર જ નથી કર્યો, પરંતુ ડ્રોન હુમલા પણ કર્યા હતા. ઓપરેશન દરમિયાન ભારે મશીનગન અને બખ્તરબંધ વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ આંદોલન સ્થાનિક લોકોના રાજકીય અધિકારો અને આર્થિક સમસ્યાઓને લઈને શરૂ થયું હતું. હવે, વિરોધીઓ પાકિસ્તાની સુરક્ષા દળોને પાછા ખેંચવાની અને તેમના નેતાઓ સામેના કેસ પાછા ખેંચવાની પણ માગ કરી રહ્યા છે.

અમેરિકાના ચૂંટણી...

આવ્યો હતો. ડાઉ જોન્સ 1,500થી વધુ પોઈન્ટ ઉછળ્યો હતો અને નાસડેક કમ્પોઝિટ 1.4 ટકા વધ્યો હતો. પરંતુ જાન્યુઆરીથી ડેમોક્રેટિક પાર્ટીના સાંસદોની આગેવાની હેઠળની કોંગ્રેસ તરફથી AI ક્ષેત્રની ઝડપી પ્રગતિ પર પડી શકનારી સંભવિત અસર અંગે રોકાણકારો વિચારણા કરી રહ્યા હોવાથી, ટેકનોલોજી શેરોમાં ઘટાડો નોંધાયો છે.